# અંકલેશ્વરમાં ગણેશ વિસર્જન દરમિયાન પોલીસ કર્મી પર ચપ્પુથી હુમલો કરનાર આરોપી ઝડપાયો


(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ગણેશોત્સવ દરમિયાન અશાંતિ સર્જવાના પ્રયાસો થયા હતા, જો કે પોલીસની સતર્કતા અને સક્રિયતાના કારણે મામલો થાળે પડ્યો હતો, પરંતુ ઔદ્યોગિક શહેર અંકલેશ્વરમાં ગણેશ વિસર્જન યાત્રામાં પોલીસ બંદોબસ્ત તહેનાત પોલીસ કર્મી પર ટપોરીએ ચપ્પુ વડે હુમલો કર્યો હતો, આ હુમલામાં ઇજાગ્રસ્ત થયેલા પોલીસકર્મીને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યારે હુમલાખોરને પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અંકલેશ્વર શહેર એ-ડિવિઝન પોલીસ મથકના અનાર્મ હેડ કોન્સ્ટેબલ લલિત પુરોહિત પંચાટી પોલીસ ચોકીમાં ફરજ બજાવે છે. જેઓ મંગળવારે મોડી સાંજના સમયે ગણેશ વિસર્જનની પ્રક્રિયા ચાલી રહી હતી, તે દરમિયાન શહેરના ભરૂચીનાકા વિસ્તારમાં ફરજ પર હાજર હતા. તે સમયે ભાંગવાડ વિસ્તારમાં આવેલા ખોડલ વેલ્ડીંગ પાસે રહેતો મહેન્દ્ર શંકર વસાવા વિસર્જન જોવા આવ્યો હતો અને લોકોને અપશબ્દો ઉચ્ચારી રહ્યો હતો. હેડ કોન્સ્ટેબલ લલિત પુરોહિતે તેને અપશબ્દો નહિ બોલવા કહેતા આવેશમાં આવી ગયેલા ઇસમે તેની પાસે રહેલું ચપ્પુ કાઢી પોલીસ કર્મી ઉપર તૂટી પડ્યો હતો. પોલીસ જવાનને પેટના ભાગે ચપ્પુ મારવા જતા હેડ કોન્સ્ટેબલે હાથ આગળ કરી દેતા તેઓને પેટ અને હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાઓને પગલે ઈજાગ્રસ્તને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જ્યારે હુમલાખોર ત્યાંથી ફરાર થાય તે પહેલા જ અન્ય પોલીસ જવાનોએ તેને ઝડપી પાડ્યો હતો. બનાવ અંગે અંકલેશ્વર શહેર એ-ડિવિઝન પોલીસે હુમલાખોર સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# રાજકોટમાં ગણપતિ દાદાને ભાવભરી વિદાયઃ ૩૪૭૬ ગણેશ પ્રતિમાનું વિસર્જન થયું





(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ૧૧ દિવસના ગણેશ મહોત્સવની પૂર્ણાહુતિ થઈ હતી, ભક્તોએ ધામધૂમથી વિઘ્નહર્તા, મંગલકારી ગણપતિ દાદાને ભાવભરી વિદાય આપી હતી. રાજકોટમાં પણ ગણેશ વિસર્જન નિમિત્તે હજારો શ્રદ્ધાળુઓ ઊમટ્યા હતા, શહેરમાં આ વખતે અનંત ચતુર્દશીની રાત્રિ સુધીમાં ફાયરબ્રિગેડ-પોલીસે નક્કી કરેલા સ્થળોએ ૩,૪૭૬ પ્રતિમાનું વિસર્જન થયું હતું.

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ગણેશોત્સવનું પર્વ શ્રદ્ધાભાવ સાથે સંખ્યાબંધ શ્રધ્ધાળુ ભાવિકો પરિવારો દ્વારા ઉજવાયા બાદ મંગળવારે ગણેશજીની પ્રતિમાનું વિસર્જન જળાશયોનાં કાંઠે ભાવપૂર્વક કરવામાં આવ્યું હતું. રાજકોટમાં ઢોલ નગારા સાથે વાજતે ગાજતે દુંદાળા દેવને વિદાય અપાઈ ત્યારે લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતાં. બીજી તરફ ફાયરબ્રિગેડ દ્વારા રાજકોટમાં આ વખતે ૮ સ્થળોએ વિસર્જન માટે તૈયારીઓ કરવામાં આવી હતી. જ્યાં ફાયરબ્રિગેડનો તથા પોલીસનો બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો અને આ સ્થળો પૈકી ક્યાંય કોઈ દુર્ઘટના સર્જાઇ હોવાનું પણ જાણવા મળ્યું નથી.

# પાટણમાં રખડતા ઢોર પકડવા ધારાસભ્ય મેદાનેઃ ઢોરોને પાંજરામાં પુર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં રખડતા ઢોરની સમસ્યા લોકો માટે મોટી ચિંતાનો વિષય બન્યો છે, રાજ્યના તમામ શહેરોમાં રખડતા ઢોરનો ત્રાસ જોવા મળે છે, તેમાંથી પાટણ શહેર પણ તેમાંથી બાકાત નથી. પાટણ શહેરમાં રસ્તાઓ પર રખડતા ઢોરનાં કારણે અવારનવાર અકસ્માતના બનાવો બની રહ્યા છે. આ મુદ્દે શહેરીજનો દ્વારા ધારાસભ્યને આ બાબતે જાણ કરતા ખુદ પાટણના કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલ મંગળવારે મોડી રાત્રે લાકડી સાથે રસ્તા પર ઉતર્યા હતા. ધારાસભ્યએ સ્થાનિક લોકો અને પાલિકાની ટીમને સાથે રાખી હાશાપુર હાઈવે પરથી રખડતા ઢોરને પાંજરે પૂર્યા હતા. આ અંગે ધારાસભ્યએ કહ્યું હતું કે, જો પાલિકા રખડતા ઢોરને પકડવાની કામગીરી નિયમિત નહીં કરે તો હું પ્રજાને સાથે રાખી રખડતા ઢોરને પકડીશ.

શહેરના હાશાપુર હાઇવે માર્ગ પર રખડતા ઢોરનાં ટોળાઓનાં ત્રાસથી વિસ્તારના રહીશોએ રાત્રે પાટણ ધારાસભ્ય કિરીટ પટેલ જાણ કરતા ધારાસભ્યએ તાકીદે નગરપાલિકાના ચીફ ઓફિસર અને પોલીસને જાણ કરી હતી. જેથી નગરપાલિકાના ચીફ ઓફિસર પોતાની ટીમ સાથે હાશાપુર હાઈવે પર આવી ગયા હતા અને હાઇવે પરના પશુઓને નજીકની એક સોસાયટીમાં સ્થાનિકો અને ધારાસભ્યના સહયોગથી એકત્ર કર્યા હતા અને બાદમાં આ ઢોરોને નગરપાલિકાના પાંજરામાં પુરીને ડબ્બે કર્યા હતા.

આ બાબતે ધારાસભ્ય કિરીટ પટેલે જણાવ્યું હતું કે, રખડતા ઢોર અંગે મેં ચીફ ઓફિસરને જાણ કરતા તેઓએ અહીં આવીને ઢોરોને ડબ્બે કરવાની કામગીરી કરી છે. આવી કામગીરી સતત થવી જોઈએ. પાલિકા તંત્ર દ્વારા ઢોર પકડવાની કામગીરી નિયમિત રીતે નહીં કરવામાં આવે તો પાટણની પ્રજાને સાથે રાખીને હું રખડતા ઢોરોને પકડવાની કામગીરી કરીશુ, તેમ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાટણ નગરપાલિકા તંત્ર દ્વારા રસ્તે રખડતા પશુઓને ડબ્બે પુરવાની કરવાની કામગીરી યોગ્ય રીતે કરવામાં આવતી ન હોવાને કારણે શહેરના મુખ્ય માર્ગો, હાઈવે માર્ગો તેમજ મોહલ્લા, પોળ અને સોસાયટી વિસ્તારોમાં રખડતા પશુઓનો જમાવડો જોવા મળી રહ્યો છે.

# સુરેન્દ્રનગરનો ત્રીજો બ્રિજ ભ્રષ્ટાચારનો શિકાર

## ૧૨૦ કરોડના ખર્ચે બનેલા બ્રિજના સળિયા દેખાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સરકારી સ્તરે ભ્રષ્ટાચાર ઘર કરી ગયો છે, ભ્રષ્ટાચારના કારણે રાજ્ય સરકારના અનેક વિકાસલક્ષી પ્રોજેક્ટમાં ક્ષતીઓ બહાર આવી રહી છે, સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી નજીક બનેલો બ્રિજ ૧૦ ફૂટ સુધી બેસી ગયો હતો. સુરેન્દ્રનગર શહેરના એકમાત્ર ઓવરબ્રિજના કામમાં ભ્રષ્ટાચાર થયો હોવાની સ્થાનિકો પણ ફરિયાદ કરી રહ્યા છે. આ ઓવરબ્રિજ પર ૩ વર્ષમાં ૮મી વખત ભ્રષ્ટાચારી વિકાસનું ગાબડું પડ્યું હતું, જેના કારણે ૪૨ કરોડના ખર્ચે નિર્માણ પામેલા ઓવરબ્રિજની નિર્માણ કામગીરી પર સવાલો ઉઠ્યા હતા. હવે વધુ એક બ્રિજના સળિયા અને જોઈન્ટ દેખાવા લાગ્યા છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં ૨ વર્ષ પહેલા લખતરથી વિઠલાપરાને જોડતા હાઈવે પર ૧૨૦ કરોડથી વધુના ખર્ચે ૪ લાઈન બ્રિજ બનાવવામાં આવ્યો હતો. આ બ્રિજમાં ઓળખથી છારદ વચ્ચે અને છારદથી બાબાજી વચ્ચેના બ્રિજ પર લગાવામાં આવેલા જોઈન્ટ અને સળિયા દેખાવા લાગ્યા છે. કોન્ટ્રાક્ટરે કરેલા ભ્રષ્ટાચારને દાબી દેવા તંત્રએ તાત્કાલિક થીંગડા મારી દીધા છે. સુરેન્દ્રનગર જિલ્લાના આ ત્રીજા બ્રિજમાં ભ્રષ્ટાચાર બહાર આવતા સરકારના કરોડો રૂપિયાનું આંધણ થયું હોવાની ચર્ચાઓ થઈ રહી છે.

# લીંબડીના પાણશીણા પાસે ૨૨ હજાર દારૂની બોટલ સાથે બે ઝડપાયા

## ૧.૧૧ કરોડનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડીના પાણશીણા પાસેથી બે ટ્રક ભરીને વિદેશી દારૂનો વિપુલ જથ્થો મળી આવ્યો હતો. ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે પાડેલા આ દરોડામાં કુલ રૂા. ૧.૧૧ કરોડનો મુદામાલ ઝડપાયો હતો. વિદેશી દારૂની ૨૨,૪૦૭ બોટલો સાથે બે આરોપીઓ અટકાયત કરી હતી, કુલ છ શખસો સામે ફરિયાદ નોંધાઈ હતી. અગાઉથી મળેલી બાતમીના આધારે ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલના પીએસઆઇ સહિતના પોલીસ સ્ટાફે લીંબડી હાઈવે પર પેટ્રોલિંગ કર્યું હતું, પાણશીણા પોલીસ મથક વિસ્તારમાં કાનારાલા ગામ પાસે અચાનક દરોડો પાડી વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી. આ દરોડામાં વિદેશી દારૂની બોટલો નંગ- ૨૨,૪૦૭ કિંમત રૂા. ૭૧,૬૬,૨૮૦, મોબાઈલ નંગ-૨ કિંમત રૂ. ૧૦,૦૦૦, જીપીએસ ટ્રેકર- ૨ કિંમત રૂ. ૨,૦૦૦ અને બે ટરબો ટ્રક કિંમત રૂ. ૪૦,૦૦,૦૦૦ મળી કુલ રૂ. ૧,૧૧,૭૮,૨૮૦નો મુદામાલ ઝબ્બે કરી પાણશીણા પોલીસ મથકે ગુન્હો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

વધુમાં ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે આ દરોડામાં ટ્રક ડ્રાઈવર પ્રકાશનાથ કેશવનાથ જોગી (જાટ) રહે- ઇલેગવાસ, જિલ્લો- બાડમેર (રાજસ્થાન) અને ખેતારામ વંકારામ જાટ, રહે-સરલા, જિલ્લો- બાડમેર (રાજસ્થાન)ને ઝબ્બે કરાયા હતા. જ્યારે આ વિદેશી દારૂનો જથ્થો મોકલનાર મુખ્ય આરોપી સતપાલસિંહ યાદવ રહે-કોટપુતલી (રાજસ્થાન), સતપાલસિંહ યાદવના ભાઇ સહિત રાજકોટ આ વિદેશી દારૂનો જથ્થો મંગાવનાર ઈસમ સહિત અન્ય એક ઈસમ મળી કુલ છ શખસો વિરુદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ૨૫ વર્ષ જૂના હત્યાના બનાવમાં મુખ્ય અપરાધીને આજીવન કારાવાસની સજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:કચ્છના સીમાવર્તી રાપર તાલુકાના ભીમાસર ગામમાં કિંમતી સરકારી પડતર જમીન પચાવવાના પ્રયાસમાં ગઢવીઓ અને દલિતોના બે જૂથો વચ્ચે થયેલાં ધિંગાણા અને ઘાતકી હત્યાના ૨૫ વર્ષ જૂના જે-તે સમયમાં ચકચારી બનેલા કેસમાં ભચાઉની સેશન્સ કોર્ટે એક આરોપીને સખ્ત આજીવન કેદની સજા ફટકારતાં ૪૨ વર્ષની ઉંમરે કરેલા હત્યાના ગુનામાં ૨૫ વર્ષ બાદ ૬૭ વર્ષની વયે હત્યારાને જનમટીપની સજા ભોગવવાનો વારો આવ્યો છે. જ્યારે બે આરોપીઓને કોર્ટે હુમલા બદલ દોષી ઠેરવી સજા ફટકાર્યાં બાદ પ્રોબેશનનો લાભ આપી મુક્ત કર્યાં છે, ચારને નિર્દોષ છોડી મૂક્યાં છે.

આ ઘટના ગત ૨૭-૦૯-૧૯૯૯ના રોજ બનવા પામી હતી જેમાં ભીમાસરમાં રહેનારા હરદાન ભુરદાન ગઢવી પર મુરા માદેવા, રાજા માદેવા, ભીખા માદેવા, મનજી માના, માયા ગાભા, વીરા ગાભા, અંબા રવા સહિત સાત આરોપીઓએ ધારિયા, પાઈપ અને લાકડીઓ વડે ઘાતક હુમલો કર્યો હતો. હરદાનને બચાવવા જતાં તેના અન્ય છ સંબંધીઓ પર પણ આરોપીઓએ જીવલેણ હુમલો કરી તેમને ઈજાગ્રસ્ત કર્યા હતા. મુરા માદેવાએ તેના હાથમાં રહેલાં ધારિયાથી હરદાનની ગરદન પર વાર કરી દેતાં હરદાનનું તત્કાળ મોત નીપજ્યું હતું.

હતભાગી હરદાનના ભત્રીજા મઢદાન ગઢવીએ ભીમાસર પોલીસ મથકે સાત આરોપી વિરુદ્ધ દંડ સંહિતાની કલમ ૩૦૨, ૩૨૩, ૩૨૬, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ અને ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ હેઠળ ગુનો નોંધાવ્યો હતો. સામા પક્ષે આરોપીઓએ પણ હુમલાની વળતી ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીના ઘર પાછળ આવેલી સરકારી પડતર જમીનને આરોપીઓએ પચાવી પાડીને તેના પર વાડ બનાવી દીધી હતી. આ બાબતે મરણ થનાર હરદાન ગઢવીએ વાંધો લીધો હતો અને તેણે વાડ તોડી નાંખતા ગિન્નાયેલા આરોપીઓએ ઘાતક હુમલો કર્યો હતો.

૨૫ વર્ષ જૂના આ કેસમાં ભચાઉના ત્રીજા અધિક સેશન્સ જજ અંદલિપ તીવારીએ ૧૯ સાક્ષીઓ અને દસ્તાવેજી પુરાવા તથા બંને પક્ષના વકીલોની દલીલો સાંભળી હત્યા કેસના મુખ્ય આરોપી મુરા માદેવાને દંડ સંહિતાની કલમ ૩૦૨ હેઠળ સખ્ત આજીવન કારાવાસ સાથે ૫ હજાર રૂપિયા દંડ તથા કલમ ૩૨૬ હેઠળ ૫ વર્ષની કેદ અને ૨૫૦૦ રૂપિયા દંડ ફટકાર્યો છે. કોર્ટે સહઆરોપી માયા ગાભાને કલમ ૩૨૫ હેઠળ ૩ વર્ષની કેદ સાથે ૨૫૦૦ દંડ અને કલમ ૩૨૩ હેઠળ ૧ વર્ષની કેદ સાથે ૧૫૦૦ રૂપિયા દંડ ફટકાર્યો છે. એ જ રીતે, મનજી માનાને કલમ ૩૨૩ હેઠળ ૧ વર્ષની કેદ સાથે ૧૫૦૦ રૂપિયા દંડ ફટકાર્યો છે.

નામદાર કોર્ટે માયા ગાભા અને મનજી માનાને પ્રોબેશનનો લાભ આપી મુક્ત કરી બે વર્ષ દરમિયાન કોઈ ગુનાહિત પ્રવૃત્તિ ના આચરવા તાકીદ કરી છે. અન્ય આરોપીઓને કોર્ટે નિર્દોષ છોડી મૂક્યાં છે. દંડની રકમ ભરપાઈ થયા બાદ તે રકમ મૃતક હરદાનના પત્નીને વળતર તરીકે ચૂકવવા કોર્ટે હુકમ કર્યો છે.

# ભાવનગરમાં ભાજપના નેતાની ઓફરઃ ૧૦૦ સભ્ય બનાવો, ₹ ૫૦૦ લઇ જાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ગુજરાતમાં ભારતીય જનતા પક્ષ દ્વારા સભ્ય નોંધણી ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે, જો કે આ વખતે પ્રથમ વખત ભાજપને સભ્ય બનાવવામાં મુશ્કેલી પડી રહી છે, ભાજપના આ અભિયાનના કારણે સતત વિવાદ વધી રહ્યો છે. ભાવનગર મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન યુવરાજસિંહ ગોહેલનો એક વીડિયો વાયરલ થયો હતો. જેમાં તે પક્ષના કાર્યકર્તાઓને ૧૦૦ સભ્ય બનાવવા માટે રૂા. ૫૦૦ની ઓફર કરતા જોવા મળી રહ્યા છે. ભાજપે દરેક પદાધિકારીઓને સભ્ય બનાવવાનો ચોકકસ લક્ષ્યાંક આપ્યો છે. પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે એવું જણાવ્યું હતું કે, જેઓ આ લક્ષ્યાંક પૂરો નહીં કરી શકે તેને ચૂંટણીમાં ટિકિટ મળી શકશે નહીં. જેના કારણે ભાજપના અગ્રણીઓ ઊંધે માથે થઇ ગયા છે. ભાવનગર મહાનગરપાલિકાના સ્ટે. કમિટીના પૂર્વ ચેરમેન યુવરાજસિંહ ગોહેલ પક્ષના કાર્યકર્તાઓને એવું કહીં રહ્યા છે કે તમે ૧૦૦ સભ્યોને એવું કહી રહ્યા છે તમે ૧૦૦ સભ્યો બનાવીને આવો હું તમને ૫૦૦ આપીશ અને આ વાયરલ વીડિયો ગુજરાતના રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બની ગયો છે.

# તળાવમાં ડૂબી જતાં આધેડનું મોત

ભાવનગરઃ જિલ્લાના સિહોર તાલુકાના ભાંખલ ગામમાંના ઢોર ચરાવવા ગયેલા એક આધેડનું તળાવમાં ડૂબી જવાથી મોત થયું છે. ભાંખલ ગામે મોહનભાઈ મકવાણા (ઊં.વ..૬૫) પોતાના પશુઓને તળાવના પાણીમાંથી બહાર કાઢતા સમયે પગ લપસતા ઊંડાં પાણીમાં ડૂબ્યાં હતા તેમજ પાણીમાં ગરકાવ થઇ ગયા હતા. આધેડના ડૂબવાની ઘટનાની જાણ થતા જ સરપંચ સહિત આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક સ્થાનિક તરવૈયાઓએ તળાવમાં ઝંપલાવ્યું હતું. જે પછી સ્થાનિક તરવૈયાઓએ આધેડનો મૃતદેહ બહાર કાઢયો હતો.

# ભાવનગરના ચકચારી નકલી દસ્તાવેજ સહિતના ગુનામાં જેલ હવાલે થયેલા આરોપીનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર:શહેરના વાઘાવાડી રોડ પર આવેલ વાઘ બંગલો સહિતની જમીન અંગેના નકલી દસ્તાવેજો સહિતના ચકચારી ગુનામાં ધરપકડ બાદ જેલ હવાલે થયેલ ભાવનગરના સતુભા સરવૈયાની જેલમાં તબિયત લથડતાં તેમને સારવાર અર્થે ભાવનગરની સર ટી.હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા,જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

ભાવનગરની એલ.સી.બી.પોલીસે વરતેજ પોલીસ તાબેની એક જમીનના નકલી દસ્તાવેજ બનાવી જમીન ખરીદનાર પાર્ટીને જમીન પોતાની હોવાનું જણાવી સમાધાન માટે દબાણ અને મોટી રકમની માંગણી કરનાર ભાવનગરના મહાવીરસિંહ ગોહિલ ઉર્ફે ગલકુની ધરપકડ કરીને તેની વિરુદ્ધ વરતેજ પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવ્યો હતો.આ કેસની તપાસ આગળ ધપતા ભાવનગરના વાઘાવાડી રોડ પર આવેલ વાઘ બંગલાવાળી જમીન ઉપરાંત બોટાદની એક મિલની જમીનમાં પણ મહાવીરસિંહ ગલકુએ નકલી દસ્તાવેજના નામે ખેલ પાડયો હતો.આ મામલે મહાવીરસિંહ ગોહિલ ઉપરાંત તેના પુત્ર તેમજ ભાવનગરના નિર્મળનગર વિસ્તારમાં રહેતા સતુભા કે.સરવૈયાની સંડોવણી ખુલતા પોલીસે તેમની પણ ધરપકડ કર્યા બાદ હાલમાં તેઓ જેલ હવાલે હતા.

ભાવનગર જિલ્લા જેલમાં કાચા કામના કેદી તરીકે રહેલા સતુભા સરવૈયાની તબિયત લથડતાં જેલ સત્તાવાળાઓ દ્વારા તેમને સારવાર માટે સર ટી.હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.સારવાર દરમિયાન સતુભા સરવૈયાનું મૃત્યુ થયું હતું.આ ઘટનાની જાણ થતાં સતુભાના પરિવારજનો તેમજ સંબંધીઓ હોસ્પિટલ દોડી ગયા હતા.

# રાજકોટમાં હવે ૧૨ હજાર ખાડા પુરાશે !

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:રાજકોટમાં ભારે વરસાદ બાદ રસ્તાઓ પર પડેલા ખાડાને લીધે અત્યાર સુધીમાં બે થી વધુ લોકોનાં મોત થઇ ચૂક્યાં છે. બીજી બાજુ ગણેશોત્સવના સમાપન બાદ હવે મનપા તંત્ર દ્વારા ખાડા દુરસ્તા કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. શહેરના ૪૮ રાજમાર્ગો ઉપર પડેલા ખાડાઓ સૌથી પહેલા પૂરવામાં આવશે. શહેરમાં અલગ અલગ વિસ્તારમાં કુલ ૧૨ હજારથી વધુ નાના મોટા ખાડાઓ પડ્યા છે. ખાડા પૂરવા માટે તંત્ર દ્વારા કરોડો રુપિયાનો ખર્ચ કરવામાં આવશે. સામાન્ય ડામરથી રસ્તા ઉપરના ખાડા દૂર કરવા અંદાજિત પ્રતિ ચોરસ મીટર ૪૫૦ રુપિયાનો ખર્ચ થાય છે અને જેટ મશીન અને કેમિકલ દ્વારા ખાડા દુરસ્ત કરવાનો ખર્ચ અંદાજિત ૧ હજાર પ્રતિ ચોરસ મીટરે થાય છે. હાલમાં જેટ મશીન દ્વારા શહેરના કાલાવડ રોડ, યુનિવર્સિટી રોડ, ૧૫૦ ફૂટ રિંગ રોડ સહિતના રાજમાર્ગો ઉપર કેમિકલ ટ્રીટમેન્ટ અને પ્રોસેઝર દ્વારા ખાડા દૂર કરવામાં આવી રહ્યા છે, બીજી તરફ એજન્સી પાસેથી એક વર્ષની ગેરંટી પણ આપવામાં આવે છે.

# રાજકોટમાં ડેન્ગ્યૂનો આતંકઃ એકસાથે ૨૯ કેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ છેલ્લા એક અઠવાડિયાથી વરસાદે એકંદરે ખમૈયા કર્યા બાદ રાજકોટમાં હવે ચોમાસું રોગચાળોએ માથું ઉંચક્યું છે. એકસાથે ડેન્ગ્યૂના ૨૯ કેસ નોંધાયા છે. બીજી બાજુ મનપા તંત્ર દ્વારા સાબેતા મજુબની આરોગ્ય વિષયક કામગીરી ચાલી રહી છે. તંત્ર દ્વારા મચ્છર ઉત્પત્તિ સબબ ૪૪૯ આસામીઓને નોટિસ ફટકારી રૂપિયા ૩૬,૭૦૦નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો છે.

રાજકોટ શહેરમાં ડેન્ગ્યૂની સાથે શરદી-ઉધરસના ૧૨૩૯ તથા સામાન્ય તાવના ૭૩૯ અને ઝાડા-ઊલટીના ૩૫૯ નવા કેસ નોંધાયા છે. ડેન્ગ્યૂ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મર્શિયલ કોમ્પલેકસ, ઔદ્યોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પત્તિ સ્થાનો જોવા મળશે, તો જગ્યાના માલિક કે ભોગવટો કરનાર કે જવાબદાર આસામી સીધી રીતે જવાબદાર ગણી બાયલોઝ અંતર્ગત તેની વિરુદ્ધ મચ્છર ઉત્પત્તિ સબબ નોટિસ તથા વહીવટી ચાર્જ વસૂલાતની કામગીરી કરવામાં આવી રહી છે.

આ કામગીરી હેઠળ રહેણાંક સિવાય અન્ય ૪૩૯ પ્રીમાઇસિસ (બાંધકામ સાઇટ, સ્કૂલ, હોસ્પિટલ, હોટેલ, ઇન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પ્લેક્ષ, ભંગારના ડેલા, સેલર, હોલ. વાડી,પાર્ટી પ્લોટ, ધાર્મિક સ્થળ, પેટ્રોલ પંપ, સરકારી કચેરી વગેરે) નો મચ્છર ઉત્પત્તિ સબબ તપાસ કરવામાં આવી છે.

મચ્છર ઉત્પતિ સબબ રહેણાંકમાં ૩૪૫ અને કોમર્શિયલના ૧૦૪ આસામીને નોટિસ આપવામાં આવી છે. તેમજ રૂ. ૩૬,૭૦૦નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો છે.

# સનખડા ગામે ભાદમી પૂનમનાં મેળો માણવા આવેલા યુવાનનુ નદીમાં ડૂબી જતાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ઊનાઃ તાલુકાના સનખડા ગામે ભાદરવી પૂનમના મેળો માણવા આવેલો યુવાન નજીકમાંથી પસાર થતી રાવલ નદીમાં મિત્રો સાથે ન્હાવા પડ્યો હતો ત્યારે ઊંડા પાણી ડૂબી જવાથી તેનું મોત થયું હતું. મૂળ અમરેલી જિલ્લાનાં જાફરાબાદ તાલુકાના જયદીપ વાઘેલા નામનો ૨૦ વર્ષીય યુવક પોતાના સનખડા ગામેથી ભાદરવી પૂનમનો મેળો માણવા મિત્રોની સાથે સનખડા ગામે આવ્યો હતો. બપોરના સમયે દશ બાર મિત્રો સાથે માલણ નદીમાં ન્હાવા પડ્યો હતો ત્યારે ઊંડા ભૂવાનાં પાણીમાં તણાઇ ને ઊંડાં પાણીમાં ડૂબી ગયો હતો. મિત્રો દ્વારા બચાવવા પ્રયાસ કર્યો હતો પરંતુ રાવલ નદીમાં પાણીનાં ધસમસતા વહેણમાં બચાવવો મુશ્કેલ બનતાં તાત્કાલિક ગામ લોકોને જાણ થતાં મોટી સંખ્યામાં લોકો નદી કાંઠે ઉમટી પડી પહેલાં તરવૈયા યુવાનોએ શોધખોળ કરતાં નિષ્ફળ રહ્યા હતા એનડીઆરએફની ટીમને મદદથી તેનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો.

# રાજકોટમાં રસ્તા પરના ખાડાએ વિદ્યાર્થીનો જીવ લીધોઃ બાઈક પરથી ઉછળીને નીચે પટકાતા મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ:શહેરમાં તાજેતરમાં જ સામાકાંઠે પેડક રોડ પર ખાડાના કારણે અકસ્માત સર્જાતા સાઇકલ સવાર ટ્રકની ઠોકરે ચડી જતા મોત નીપજ્યું હતું. જ્યારે આજે વધુ એક બનાવમાં કાલાવડ રોડ પર મેટોડા નજીક ખાડાના કારણે બાઇક પરથી પડી જતા ધો.૯ના છાત્રનું ગંભીર ઇજા થતા મોત નીપજ્યું છે. શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર નાણાવટી ચોક નજીક આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતો અજય ઝાપડા (ઉં.વ.૧૬) તેના મામા વિરમ મુધવા સાથે બાઈક પર મેળામાં ગયો હતો. જ્યાંથી મોડી રાતે મામા-ભાણેજ બાઈક લઈ રાજકોટ પરત ફરી રહ્યા હતા. ત્યારે મેટોડા નજીક પહોંચ્યા ત્યારે રસ્તામાં ખાડો આવતા બાઈકની પાછળ બેઠેલો અજય ઉછળીને નીચે પટકાયો હતો. જેમાં તેને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન આજે તેનું મોત નીપજ્યું હતું.